

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ઉંઘ, આરામને મોજમસ્તીનો ઘંટ વાગ્યો!*
*લાડ-કોડ, પ્રેમને વાત્સલ્યનો ઘંટ વાગ્યો!*
*શિસ્ત અને કડકાઈની ખેંચાશે લગામ -*
*કોમળ ફૂલ કરમાસે તાપે, ઘંટ વાગ્યો !*

હાઈકુ

*વિદ્યા વમળે -*
*તણાઈ ગુણવત્તા,*
*ડૂબ્યાં મૂલ્યો!*

*છે ભાવ - તાલ,*
*ભણતર બજારે -*
*તંત્ર દલાલ...*

### ચિંતન

*અમ્રિત વસ્તુ જાનૈ નહિ, મગન ભયે સબ લોય ।*
*કહૈં હિ કબીર કામો નહિ, જીવહિં મરન ન હોય ॥*

ઉપરોક્ત સાખી કબીર બીજકગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

બ્રહ્મથી અભિન્ન એવા આત્મતત્વને કોઈ જાણતા નથી. સર્વ લોકો પોતાના કલ્પેલા જુદા - જુદા ઈશ્વર સ્વરુપમાં - ઉપાસ્ય દેવમાં મસ્ત રહે છે, ઈશ્વરની કોઈ ઉપાસના કરતા નથી. કબીર કહે છે જો એ જીવો ને કર્માપાસનાના ફળરુપે લોકદિની પ્રાપ્તિ ન થાય તો જીવોનું મૃત્યુ ન થાય. જો એ જીવો નિષ્કામ ઉપાસના કરે તો જન્મ-મરણથી મુક્ત થઈ શકે છે.

જેમ અમૃતનું પાન કરનાર પુરુષ મરતો નથી તેમ અમૃત સ્વરુપ સતપુરુષ પરમાત્માની ઉપાસના કરવાથી જીવ મરતો નથી. તે જન્મ-મરણના ફેરામાંથી મુક્ત થઈ જાય છે. પરંતુ પરમાત્માની ઉપાસના તો કોઈ કરતાં નથી. અન્ય દેવોમાં બધા મગ્ન થઈ ગયા છે. જો એ લોક ફળની ઈચ્છા વિના પરમાત્માની ઉપાસના કરે તો જરૂર મોક્ષ પ્રાપ્ત કરી શકે.

### સુવિચાર

- એક સરખા ના હોય અવસર કદી, આંખને પણ જોવું પડે નવતર કદી - **ઘર્મલોક**
- તટસ્થતાથી મૃત્યુ ને જોઈને દેહ છોડનાર બીજા દેહમાં પણ આ દેહની સ્મૃતિ જાળવી રાખે છે - **કુમારપાળ દેસાઈ**
- જેવો ભાવ કરો તેવા કર્મબીજ વવાઈ જાય છે જે ગમે ત્યારે ઉગે જ છે - **રસિક ઘામી**
- મળેલા સુખ ને છોડવાની અને ન આવેલા દુઃખને અપનાવવાની જેનામાં તૈયારી હોય એ આત્મા પોતાના મનને અકબંધ રાખી શકે છે - **અખંડ આનંદ**
- કામના, વાસના અને કલ્પના આ ત્રણેયનો સરવાળો એટલે માણસનું 'મન' - **એસ. ભટ્ટાચાર્ય**
- મનમાં રહેલી દુર્બુદ્ધિ કયારે દૂર થાય અને સદ્બુદ્ધિ કયારેક પ્રતિષ્ઠિત થાય એ જીવન સંઘર્ષનો એક પ્રકાર છે - **સંત રોબિત**
- આજનું ઔષધ : સરગવાની શીંગનો ગર ગુમડા પર બાંધવાથી ગુમડુ પાકીને મટી જશે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

આજકાલ બધા ધર્મોમાં જુદા જુદા સંપ્રદાયના ફાંટા પાડી સાધુ-સંતો-આચાર્યો - બાપુઓ પૂ.શ્રી પોતાના સિદ્ધાંત પર નવો સંપ્રદાય શરુ કરે છે. જમીન અને કરોડો રૂપિયાનો ધંધો-રોકાણ જ છે.

સ્વામીનારાયણ સંપ્રદાયના સ્થાપક શ્રી સહજાનંદ સ્વામી ને મળવા દીનાનાથ ભટ્ટ નામના સંસ્કૃત પ્રકાંડ પંડિત આવ્યા. સ્વામી એ પંડિતને કહ્યું, 'આપની વિદ્વતાના સૌ વખાણ કરે છે, આપની યાદશક્તિ પણ અજોડ છે, આપને કેટલા શ્લોકો કંઠસ્થ હશે? પંડિત દિનાનાથે જવાબ આપ્યો, 'પૂરા અઢાર હજાર સ્વામીએ પૂછ્યું' તો પંડિતજી હવે એટલું જણાવો કે આ અઢાર હજાર શ્લોકમાંથી કેટલા શ્લોકો તમને મોક્ષ અપાવવામાં સહાયરુપ થઈ શકશે??'

પંડિતજી તો વિચારમાં પડી ગયા, એમણે આજ દિન સુધી શ્લોકો કંઠસ્થ કરવાનો જ વિચાર કર્યો. મોક્ષનો તો કદી વિચાર એમને આવેલો જ નહીં આથી પંડિતજી બોલ્યા, 'ઓહ!! સ્વામીજી ! એની તો મેં કયારેય ગમતરી કરી જ નથી એવો હિસાબ તો મેં માંડ્યો જ નથી.'

સ્વામીએ કહ્યું, 'તો પછી આટલા બધા શ્લોકો યાદ રાખવાનો અર્થ શો??' એમ તો પોપટ પણ કયાં શ્લોક નથી બોલતો? જે શાસ્ત્ર મુક્તિ ન અપાવે તેનો અભ્યાસ કરવાથી શો લાભ? એનાથી કંઈ આત્માનું કલ્યાણ ઓછું થવાનું છે?' વિદ્વાન પંડિત સ્વામીએ ચરણમાં પડી ગયા. એમને થયું કે 'વિદ્વતા પૂરી કરી તેનો મર્મ તો સ્વામી પાસેથી મળ્યો છે.' આધ્યાત્મિકતાની પહેલી કેડી એ અંતર છે. જે અંતરને અજવાળે એ 'શાસ્ત્ર', જે અંતરને અવરોધે તે 'અશાસ્ત્ર.'વિમુક્ત કરે તે વિદ્યા...

# કોંગ્રેસનો વ્યૂહાત્મક જુગાર

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસનો પ્રશ્ન કોંગ્રેસ હાઈકમાંડ માટે શિરોવેદના સમો બની રહ્યો છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા કોંગ્રેસનો સર્વત્ર સફાયો કરવાનો કાર્યક્રમ મહદંશે સફળ રહેતા સ્વાભાવિક રીતે જ કોંગ્રેસી વર્તુળોમાં ચૂંટણી પહેલાં જ હારી જવાનો છૂપો ડર પ્રસરી ગયો છે. અલબત્ત, જિલ્લા પંચાયત - તાલુકા પંચાયત સ્તરે થોડા વખત અગાઉ મળેલી અણધારી સફળતા અને પાટીદાર તથા દલિત-ઠાકોર સમાજો દ્વારા ચલાવાઈ રહેલાં વિશિષ્ટ આંદોલનો કોંગ્રેસ માટે ઘનઘોર કાળી ડિબાંગ રાતનાં કવચિત્ ચમકી જતી વીજરેખા જેવી આશા પ્રેરણા રહ્યાં છે. ગુજરાતનું સુકાન છોડીને નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય સ્તરે કાઠું કાઢ્યું એ પછી ભારતીય જનતા પાર્ટી પાસે એમના બરનું સક્ષમ અને કદાવર નેતૃત્વ ઊભું ન કરી શકાયું એની સામે કોંગ્રેસ પાસે પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા જેવા નીવડેલા નેતા હતા, શક્તિસિંહ ગોહિલ અને અર્જુન મોઢવડિયા જેવા બોલકા અને પ્રભાવશાળી પ્રાદેશિક નેતાઓ હતા અને સૌથી ઉપર પ્રદેશ કોંગ્રેસના સુકાની તરીકે ગરીબોના અને બક્ષી જાતિઓના તારણકારનું બિરુદ પામેલા ભૂતપૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીનો સીધો વારસો ધરાવતા ભરતસિંહ સોલંકી જેવા ધુંરાધાર ક્ષત્રિય નેતા હતા. હાલના ભાજપના પ્રાદેશિક નેતૃત્વની સરખામણીએ કોંગ્રેસનું પ્રાદેશિક નેતૃત્વ બેશક ચડિયાતું જ લાગે. પરંતુ ખાટલે મોટી ખોટ કે એમાં જૂથવાદનું કેન્સર પ્રસરી ચૂક્યું છે. કોંગ્રેસ હાઈકમાંડમાં સન્માનજનક સ્થાન ધરાવતા ગુજરાતી નેતા અહમદ પટેલે આ જૂથવાદને ડામવામાં ધારી સફળતા નહીં મળતા આંખો ચીમીને ચાલુ ધારાસભ્યોને રિપીટ કરવાનો નિર્ણય લેવડાવી પાર્ટીના કાર્યકરોને અવઢવમાં મૂકી દીધા છે. સત્તાવન ચૂંટાયેલા ધારાસભ્યોને એમની બેઠક પર આગામી વિધાનસભાની ચૂંટણી લડવા માટેની લીલી ઝંડી અપાઈ ચૂકી છે. આથી એ તમામ વિસ્તારોમાં વર્ષોથી પોતાની બેઠક જાળવી રાખવામાં સફળ રહ્યા હોય છતાં એમની નજર સામે જ તૈયાર થયેલ નવા કાર્યકરો પણ કયારેક એ બેઠક પર પોતાને ટિકિટ મળશે એવી આશા તો સેવતા જ હોય. વ્યક્તિ જયારે રાજકીય પાર્ટી સાથે સંકળાય છે ત્યારે ફક્ત શુદ્ધ સેવાભાવનાથી નથી જોડાતી. એની અપેક્ષાઓ હોય છે. વળી મતદાર સમુદાયી પણ દરવખતે એકના એક ઉમેદવારનું ચૂંટવાનું પસંદ નથી કરતા. જુદી જુદી પ્રભાવક જ્ઞાતિઓને પોતાના સમાજને મહત્ત્વ મળે તે ગમતું હોય છે. આ બધી બાબતો કોંગ્રેસ રિપીટ કરેલા ઘણા બધા ઉમેદવારોને નડી શકે એમ છે. એમ પણ બને કે ભારતીય જનતા પાર્ટી કોંગ્રેસના શક્તિશાળી કાર્યકરોને પ્રલોભનો આપી પોતાના પક્ષે ખેંચી લેવાનો પ્રયાસ કરે. ભારતીય જનતા પાર્ટી કેડર બેઝ્ડ પાર્ટી ગણાતી હોવા છતાં ચૂંટણી જીતવા માટે કોઈ પણ હદે નીચે ઊતરી શકે છે તેના ઢગલાબંધ ઉદાહરણો આપણે અગાઉની ચૂંટણીઓમાં જોયા છે. શંકરસિંહ વાઘેલા ગાઈ વગાડીને કહેતા ફરે છે કે એમણે પોતે અથવા કોઈ માધ્યમ દ્વારા કયારેય ભાજપમાં જોડાવાની વાત કે એવો સંકેત સુધ્ધાં પાઠવેલ નથી, છતાં ભાજપના નેતાઓ બાપુ માટે ભાજપનાં દ્વાર ખુલ્લાં છે, એવા નિવેદનો કરી કરીને શંકરસિંહ વાઘેલાની મુશ્કેલીઓ વધારતા રહ્યા છે. બાપુના સમર્થક અને વિરોધી - તમામ કોંગ્રેસી ધારાસભ્યોની ટિકિટ કન્ફર્મ થઈ ચૂકી છે એટલે હવે મળેલી ટિકિટ છોડીને ભાગ્યે જ કોઈ ધારાસભ્ય ભાજપનો ખેસ પહેરવા તૈયાર થશે. પરંતુ સાવ એવુંયે નથી. રાજકારણી વ્યક્તિ ભીંત પાછળ ભાળતી હોય છે. કોંગ્રેસની ટિકિટ પર ચૂંટણી લડવાથી નિશ્ચિત પણે હારવાનું જ હોય એવા સંજોગોમાં મળેલી ટિકિટ પાછી આપીને ભાજપનો ભગવો પહેલવામાં ભાગ્યે જ આજના કોંગ્રેસીને સંકોચ કે શેહશરમ લાગશે. અહમદ પટેલ માટે રાજયસભાની ચૂંટણીમાં હેમખેમ નીકળી જવું જરૂરી છે, અને એ માટે કોંગ્રેસના ધારાસભ્યોને ટિકિટની આગોતરી ખાતરી આપવી પડે એમ હતીં. કોંગ્રેસ ટૂંકા ગાળામાં લાભ માટે વ્યૂહાત્મક જુગાર ખેલવાનું પસંદ કર્યું છે. પરંતુ વિધાનસભાની ચૂંટણી તો છેક નવેમ્બરમાં આપવાની છે. ત્યાં સુધી નર્મદા કેનાલમાં ઘણાં પાણી વહી ગયાં હશે.

# કેન્સર : આટલું જાણવું જરૂરી છે



પહેલું સુખ તે જાતે નર્યા
ડો. કેદાર ઉપાધ્યાય

કેન્સર. આપણે બધા આ નામથી પરિચીત છીએ. જેવું કેન્સરનું નામ પડે કે તરત ટેન્શનનો માહોલ બની જાય. દર્દી, સગાવ્હાલા બધા ચિંતામાં પડી જાય. હોસ્પીટલોના ધક્કા, સર્જરી અને દવાઓ, અને છેલ્લે સાજા થઈ જવાની તો કોઈ ગેરેંટી જ નહિં. ડગલે ને પગલે અનિશ્ચિતતા અને અસલામતિ લાગે. આધુનિક ચિકિત્સાએ આટઆટલી પ્રગતિ કરી હોવા છતા કેન્સરનો હાઉ ખાળી શકાયો નથી. આ રોગ જ એવો છે. હમણાં જ વિશ્વ તમાકુ નિષેધ દિવસ ગયો. આ દિવસનો હેતુ જ કેન્સરને થતો અટકાવવાનો છે. બધા જાણે છે કે તમાકુ કેન્સરકારક છે. કેન્સર ન થવા માટેનો ઉત્તમ રસ્તો એટલે કેન્સર કરનાર પદાર્થોનું સેવન ત્યજવું. આખરે કેન્સર છે શું? સરળ રીતે સમજીએ તો કેન્સર આપણા શરીરના કોષો મારફતે જ થાય છે. આપણા શરીરના કોષો શરીરના મૂળભૂત એકમો છે. આ કોષો ભેગા થાય એટલે પેશી બને. આ પેશીનો સમૂહ એટલે શરીરનું અંગ અને આ અંગો ભેગા થઈ ને શરીરનું તંત્ર (સિસ્ટમ) બને. આમ, કોષો એ શરીરનો આધાર છે.

આ કોષો પોતાના ક્રિયાકલાપો જાતે કરે છે. આ માટે કોષોમાં ડી.એન.એ. રહેલું છે જે બધા ક્રિયાકલાપોની દોરવણી કરે છે. કોષોની અનેક ક્રિયાઓમાંની એક ખૂબ અગત્યની ક્રિયા એટલે વિભાજન. જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે ત્યારે આપણા કોષો વિભાજીત થઈને સંખ્યા વધારે છે. કોઇ વખતે કોષોના ડી.એન.એ માં એવો લોચો થાય છે કે જેને કારણે કોષોના વિભાજનની પ્રક્રિયા અટકતી જ નથી અને સતત ચાલતી રહે છે. આ સ્થિતિ એટલે કેન્સર.

કેન્સર કોને થઈ શકે?? તેનો જવાબ છે.. કોઈપણ વ્યક્તિને... એટલું ચોક્કસ છે કે કેન્સરકારક પદાર્થો જેવાકે તમાકું, પેસ્ટીસાઇડ્ઝ આદિને કારણે કેન્સર થવાની શક્યતા ખૂબ વધી જાય છે, પણ એવા પણ કેન્સરના કેઇસ છે કે જેમા વ્યક્તિને કોઈ પણ વ્યસન ન હોય અને વ્યક્તિ એકદમ સ્વસ્થ હોય તો પણ તેને અચાનક કેન્સર થઈ જાય, અને ઘણા વ્યસનીઓ વગર કેન્સરે જીવી જાય. ટુંકમાં, કેન્સર થવાનું નક્કર કારણ હજું શોધી શકાયું નથી. હવે બીજો સવાલ... કેન્સર થાય તો શું કરવું? શરીરનાં જે ભાગમાં કેન્સર થયું હોય અને જે પ્રકારનું કેન્સર થયું હોય તેના આધારે કેન્સરના ત્રણ પ્રકારના ઈલાજોમાં થી ટ્રીટમેન્ટ કરવામાં આવે છે. કેન્સરના ત્રણ પ્રકારના ઈલાજો એટલે... ૧) સર્જરી (ઓપરેશન): આમા સર્જરી કરીને કેન્સરયુક્ત ભાગને કાઢી નાખવામાં આવે છે ૨) કીમોથેરાપી: કીમોથેરાપીમાં શરીરમાં એવા ઔષધો દાખલ કરવામાં આવે છે કે જે શરીરમાં ઝડપથી વિભાજન પામતા અને વધતા દરેક કોષોને નબળા પાડી તેનો નાશ કરે છે. આ ઈલાજમાં કેન્સરના કોષોની સાથે સાથે શરીરના બીજા નોર્મલ કોષોને પણ અસર થાય છે. આથી ચામડીમાં ઈરીટેશન, વાળ ખરી જવા, ન્યુરોપેથી આદિ જેવી આડઅસરો જોવા મળે છે.

૩) રેડીએશન: રેડીએશન એટલે એક્સ-રે કે તે પ્રકારના કિરણોનો મારો ચલાવીને કેન્સર કોષોનો નાશ કરવાની પધ્ધતિ. આ પ્રક્રિયામાં દર્દીને જે જગ્યાએ કેન્સર થયું છે ત્યાં કિરણો આપવામાં આવે છે. રેડીએશનની વધુ આડઅસરો નથી.

આ તો થઈ કેન્સરના મુખ્ય ઈલાજોની વાત. હવે વાત આયુર્વેદની. આયુર્વેદમાં પણ કેન્સરનું બહોળું વર્ણન છે, કેન્સરના ઈલાજ માટે પણ આયુર્વેદમાં અનેક દવાઓ અને ઔષધોનું સૂચન છે. જો કે મોટાભાગના કિસ્સઓમાં કેન્સર થયાનું જાણતા દર્દી પ્રથમ તો ઉપરોક્ત ત્રણ ચિકિત્સાઓ જ કરાવતા જોવા મળ્યા છે, અને પછીથી જો ઉપરોક્ત ચિકિત્સાઓથી રાહત ન થાય કે બીજી તકલીફો થાય તો આયુર્વેદ તરફ મીટ માંડે છે. આયુર્વેદમાં કેન્સરને મટાડી શકે તેવા અમુક અદ્ભુત ઔષધો છે જેવાકે હિરક ભસ્મ, રોહિતક, વરૂણ આદિ. જો સમયસર અને ધીરજપૂર્વક કેન્સરની આયુર્વેદિક સારવાર કરવામાં આવે તો કેન્સર ચોક્કસ મટી શકે.

- contact@atharvaayu.com

# 'વિશ્વ પર્યાવરણ દિન'ની ઉજવણી કેવી રીતે કરી



મનના ઉમંગો
રણછોડ પરમાર

પાંચમી જુને વિશ્વ પર્યાવરણ દિન ઉજવાઈ ગયો. વિશ્વના અનેક દેશોમાં તેની વિવિધ રીતે ઉજવણી થઈ . ભારતના બધા રાજ્યોમાં આ દિવસને અનુલક્ષીને કાર્યક્રમો ગોઠવાયા. ગુજારતના જુદા જુદા સ્થળોએ આ નિમિત્તે થયેલા કાર્યક્રમોની છબીઓ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ થૈ છે. ગાંધીનગરમાં વન વિભાગે એક વિશિષ્ટ કાર્યક્રમ ગોઠવ્યો હતો. તેમણે એક કવિ સંમેલનનું આયોજન કર્યો. દરેક કવિએ પર્યાવરણને લગતા ઓછામાં ઓછા એક કાવ્યનું પઠન કર્યું. લોકોને પર્યાવરણ સાથે જોડવાનો એક અલગ તરીકો આયોજકોએ અપનાવ્યો. હજુ કવિઓ પ્રકૃતિને લગતી ઘણી સુંદર કવિતાઓ લખે છે. નવા કવિઓ ખાસ કરીને કિશોર જીકાદરા, તેજસ દવે અને અનિલ ચાવડાએ તેમની ધારદાર અને જાનદાર રચનાઓથી લોકોને ખુશખુશાલ કરી દીધા. સંચાલકશ્રી પ્રતાપસિંહ ડાભીએ તેમને પોતાની શૈલીમાં આખા કાર્યક્રમ દરમ્યાન ભાવકોને અસંખ્ય વિગતોથી અવગત કર્યા. વનવિભાગના અધિકારીઓએ પણ શ્રોતાઓને ઘણી નવી નવી માહિતી વહેંચી.

દરેક કવિ ઋતુવર્ણનના ગીતો મધ્યકાળથી લખતો આવ્યો છે.શ્રી ધીરુભાઈ પરીખે આપણા ઋતુ કાવ્યો શિર્ષક હેઠળ આવા પકૃતિ કાવ્યોનું સુંદર સંપાદન કર્યું છેઅત્યારે ઉનાળો એના અંતિમ તબક્કામાં છે. જતાં જતાં જેટલી ગરમી અપાય તેટલી આપવા ઉનાળો પૂરાજોશથી મચી પડ્યો છે. બપોરે બારથી ચાર લોકો જાણે ભઠ્ઠીમાં પૂરવામાં આવ્યા હોય તેવી દશામાં મુકાઈ ગયા છે. અરે, સાંજના છ વાગ્યા સુધી કોઈની ઘર બહાર નીકળવાની હિમ્મત થતી નથી. . પશુપક્ષીઓ ત્રાહીમામ પોકારી ગયા છે. આવા લાહ્ય લાહ્ય વાતાવરણમાં તમને કવિતા કેવી રીતે સુઝે ? છતાં આપણા કવિઓએ અદભૂત કાવ્યો લખ્યા છે. પાછા જે જમાનામાં એરકંડિશન કોઈએ જોયા કે સાંભળ્યા ન હતા તે કાળમાં આ કાવ્યો રચાયા છે. શ્રી રાવજી પટેલે લખ્યું છે.

ગણ્યા ગાંઠ્યા દિનો પ્હેલા વસંત જે સરકી ગૈ, એહનો મ્હેંકતો પાલવ કાનમાં ફરક્યા કરે.

વૃક્ષની ડાળ-પે ભોળાં પાસપાસે વિહંગ કૈં, અન્યને પર્ણ માનીને બેઠા છે ક્યા......રના પણે.

મને લાગે; કશે ઓ કેફી હવા પણ ખરી પડી.
ચોગમ ક્યારનો ઘૂમુ લૂ સમો સઘળે.....

કવિશ્રી રાજેન્દ્ર શુકલે ગ્રીષ્મ નામની એક સરસ ગઝલ લખી છે. તેના બે શેર જુઓ.

સૂકાં ઝાડ એકે પરણનું ન હોવું,
ક્યહીં પણ કશા આવરણનું ન હોવું ! સૂરજ-પારધી દાંત ભીસે ગગન પર,
ધરા પર હવાના હરણનું ન હોવું !

જિતેન્દ્ર વ્યાસે ઉનાળાને બધા રંગ રાગ ત્યજી જોગી બનેલો કલ્પીને કેવું અદભૂત ચિત્ર દોર્યું છે તે જૂઓ.

ધાર્યા એણે વસન ભગવાં, ભવ્ય ધૂણી ધખાવી!
આંખો એની ધખ ધખ થતાં ખોયણાં જેવી લાલ!
છે અંગારો સૂરજ ચલમે એની . ઉડે કરાલ
વંટોળો , એ જ્યહી ચલમને ફૂંક દે છે લગાવી!

નિરંજન ભગત, ફિલિપ ક્લાર્ક, શાસ્ત્રી જયેન્દ્ર દવે, માધવ રામનુજ અને ધીરુ પરીખે ઉનાળાના અછાંદશ કાવ્યો લખ્યા છે. ચન્દ્રકાંત શેઠ અને ઉમાશંકર જોશીએ સોનેટમાં ઉનાળાને વર્ણવ્યો છે. ભાનુપ્રસાદ ત્રિવેદી અને ભાનુપ્રસાદ ત્રિવેદીએ ગીતો રચ્યા છે. જયંત પાઠકના 'ઉનાળાની ઉડભંગ ક્ષણોમાં' ગીતની મઝા તો આપે આ કોલમમાં માણી હતી ને? ગયા ઉનાળામાં તમે (કદાચ યાદ આવે તો) નિરંજન ભગતના એક લાંબા પાંસઠ લીટીના અછાંદસ કાવ્ય "ગ્રીષ્મ મધ્યાહ્નમાં" ની મઝા માણી હતી. જેની પ્રથમ પંક્તિ "તપ્ત ધરણી હતી" અને છેલ્લી પંક્તિ "જાગીને જોઉં તો, એની એ તપ્ત હા , તપ્ત ધરણી હતી." વચમાં કવિએ ઉનાળાની ક્ષણોનું અદભૂત વર્ણન કર્યું હતું. આજે મારે તમને આવા જ દીર્ઘકાવ્ય ગ્રીષ્મ ગીતાની થોડીક વાતો કરવી છે. થોડીક શબ્દ મેં એટલા માટે લખ્યો છે. કારણ કે આ કવિતાની વિગતે વાત થઈ શકે તેમ નથી. કવિશ્રી ઉમા શંકર જોશીએ રચેલ ગ્રીષ્મગીતા જાણે એક નાનકડી ગીતા જ છે મહાભારતમાં કૃષ્ણે કહેલી ગીતામાં શું સંદેશ છુપાયો છે તેના તો અસંખ્ય પુસ્તકો લખાયા છે. પણ ઉનાળાની ગરમી સામેના યુધ્ધ માટે શ્રી ઉમાશકર ભાઈએ શું સંદેશ સંતાડ્યો છે, એ સમજવા તો આપે ગ્રીષ્મગીતા વાંચવી જ પડશે. કાવ્યની શરુઆત કેવી છે તે જુઓ.

વિરમતા સૌ સ્વર મૃદુલ કોમલ,વસંતલ ફાગના,
જાગ્યા અનાહતનાદ સહસા મત્ત ત્યાં વૈરાગના !
જટાજૂટ વિખેરતો જોગી
ઉનાળો આવિયો,
નાખ્યા અડિંગા લીમડા નીચે,
મુકામ જ એક એ એને ભલેરો
ભાવિયો.

ઉનાળો આવે છે, લીમડા નીચે તેનો ઉતારો થાય છે. પછી કવિ રાયણ , મહુડા, આંબા, કરમદીના ઝુંડ, વડ અને પીપળાની વાત કરી લીમડાની ઓળખ આપવા પ્રયત્ન કરે છે.

ઘેઘૂર મૂંગી છાંય ઢાળે, ઉગીને પડખે ખડા,
ઘર પર શીળી હથેળી ધરે ધરખમ લીમડા.

અહીંથી જાણે ઉનાળાની વાત આઘી ખસી જાય છે અને લીમડાની વાતું શરુ થાય છે. કાળઝાળ ગરમીમાં દીકરીને તેડવા આવેલા મહેમાનો માટે લીમડાની છાયામાં ખાટ્લા ઢાળવામાં આવે છે. સાંજ પહેલા તેની વિદાય વેળાએ ઉડતી ગોરજમાં કન્યાના ધ્રુસકા પણ ભળી જાય છે. તેમના ગયા પછી

મોડી રાતે ગામ આખું,
હરખ-થાક્યું,
નમાયું શું-પરાયું શું- શિશુ જાણે ઢબૂરાયુ નીંદમાં,
ધીરેકથી ઢાળી રહે ત્યાં વીંજણા
કોણ બીજું રે – વિના તે સદા વત્સલ લીમડા?

ત્યારબાદ કવિ ઉનાળાની થોડીક વાતો કહી લીમડા પ્રત્યે અહોભાવ વ્યક્ત કરે છે.


ગટગટાવે પૃથ્વીની કટુતા જુગોની કારમી,
લીમડા !- સામેથી એને તોયે રોમરોમથી પ્રગટાવવા મોંઘાં અમી,
ફેલાવતા કટુતાભર્યા હૈયાની ચન્દનછાંયડી,
રેલાવતા આશિષની શીતલ ઝડી!

ઉનાળાની બપોરના ભર સૂનકારમાં લીમડા સિવાય કોઇને આપણી દયા આવતી નથી. પવનની લહેરખીઓમાં ડોલતી લીમડાની ડાળખીઓ કોને વહાલી ના લાગે ? મહાભારતના યુધ્ધમાં શ્રી કૃષ્ણે કથેલી ગીતાના બધાયે મંત્રો જાણે લીમડાએ આત્મસાત કરી લીધા છે. છેલ્લી બે પંક્તિમાં કવિ એ ચમત્કાર સર્જયો છે. આપણા બીજા ધરખમ કવિશ્રી રાજેન્દ્ર શાની કવિતાની યાદ અપાવે તેવી વાત કરી છે.

પ્રખર તાપે તપે તોયે હસે ભીતર મોજથી ભડ એ વડા,
હૈયે હીંચોળીએ ગ્રીષ્મગીતા ઝૂલતા ઉભા અડીખમ લીમડા.

વિશ્વ પર્યાવરણ દિને લાંબા લાંબા ભાષણો ફટકારવાને બદલે આ ગ્રીષ્મગીતાની ઝેરોક્ષ નકલો કરાવીને વહેંચી હોય તો ? ફરી પાછો મારા મનમાં પ્રશ્ન ઊભો થાય છે કે જે ભણેલા છે એમાં કોઇ લીમડા વાવવામાં સમય બગાડે તેવા નથી, અને જેઓ લીમડા વાવે જ છે એને તો આવી કોઇ ગીતા ફીતાની કશી જરુર નથી. વળી પાછો બીજો એક પ્રશ્ન થાય છે કે જ્યાં ઘણી સારી જમીન છે ત્યાં પેલા તકલાદી સરકારી ઝાડવાં રોપવાને બદલે આંબા, લીમડા, વડ, મહુડા અને પીપળાને અગત્ય આપવામાં આવે તો ? કે પછી જેમ ચાલે છે તેમ જ ચાલવા દઈશું ?

# કોઈને પણ શત્રુ બનાવ્યા વગર ખરું કહેવું તે કુનેહ



લાગણીનો મેળો
રસિક વાળંદ

ચ્હેરા પર મુસ્કાન ને આંખોમાં પાણી,
લાગે છે જિંદગી હવે થોડી સમજાણી!

એક સોની મહાજનની લક્ષ્મીજી નારાજ થઈ ગયા, જતાં જતાં બોલ્યાં, 'હું જઈ રહી છું અને મારી જગ્યાએ નુકશાન આવી રહ્યું છે. તૈયાર થઈ જા. પરંતુ હું તને છેલ્લી ભેટ જરૂર આપવા માગું છું. માંગ, તારી જે પણ ઈચ્છા હોય તે.'

સોની મહાજન ખૂબ સમજદાર હતા. તેમણે વિનંતી કરી કે નુકસાન આવે તો ભલે આવે પણ એને કહેજો કે મારા પરિવારજનોમાં પ્રેમ ટકી રહે. બસ, મારી આ જ ઈચ્છા છે. લક્ષ્મીજીએ તથાસ્તુ કહ્યું.

થોડાક દિવસો વિત્યા...

સોની મહાજનની દુકાને કામ કરતા એમના ભત્રીજા એ ભૂલથી નકલી સોનાનો સેટ એક ફેરિયા પાસેથી ખરીદી લીધો. સોનીને ખબર પડતાં ખૂબ દુઃખ થયું. પરંતુ તે પચાસ હજારના નુકશાન માટે પોતાના ભાઈના દીકરાને વઢ્યા નહિ, ફક્ત શિખામણ આપી. એ સમજી ગયા હતા કે નુકશાન પ્રવેશ કરી ચૂક્યો છે. 'ઘરે જતાં પહેલાં મંદિરે દર્શન કરતો જાઉં.' એમ વિચારીને તે લક્ષ્મીનારાયણ મંદિરે ગયા. ત્યાં તેમનાં મોંઘા ચપ્પલ કોઈ ચોરી ગયું. નુકશાન એનો પરચો બતાવવા લાગ્યો હતો.

આ બાજુ ઘરે, સોની સૌથી નાની વહુ ખીચડી બનાવતી હતી. તેણે મીઠું વગેરે નાખ્યું અને બીજું કામ કરવા લાગી. ત્યારે બીજા છોકરાની વહુ આવી અને ચાખ્યા વગર મીઠું નાખીને ચાલી ગઈ. તેની સાસુએ પણ આવું જ કર્યું.

સાંજે સૌથી પહેલા સોની આવ્યો. પહેલો કોળિયો મોંમાં મૂક્યો ને ખ્યાલ આવી ગયો કે ખીચડીમાં વધારે પડતું મીઠું પડી ગયું છે. એ મનોમન સમજી ગયો કે નુકશાન આવી ગયું છે. પણ કંઈ જ બોલ્યા વગર ચુપચાપ ખીચડી જમીને ચાલ્યા ગયા. એના પછી મોટા દીકરાનો નંબર આવ્યો. એણે પણ પહેલો કોળિયો મોંઢામાં મૂકતા તરત પૂછ્યું કે પપ્પાએ જમી લીધું? એમણે કંઈ કહ્યું? બધાએ જવાબ આપ્યો, 'હાં' જમી લીધું! કંઈ જ બોલ્યા નથી.

હવે દીકરાએ વિચાર્યું કે જયારે પિતાજી જ કંઈ નથી બોલ્યા તો હું પણ ચૂપચાપ જમી લઉં. આમ ઘરના બધા જ સભ્યો એક પછી એક આવ્યા. અગાઉ જમનારા વિશે પૂછી અને ચુપચાપ જમીને ચાલ્યા જતા.

રાતે નુકશાન હાથ જોડીને સોનીને કહેવા લાગ્યો, 'હું જઈ રહ્યો છું.' સોનીએ પૂછ્યું, કેમ? ત્યારે નુકશાન કહે છે, 'તમે લોકો એક કિલો મીઠું ખાઈ ગયા. તો પણ ઝઘડો જ ના થયો. મને લાગે છે કે મારું તો અહીં કંઈ કામ નથી.'

મિત્રો, ઝઘડો, કમજોરી એ નુકશાનની ઓળખ છે. જયાં પ્રેમ છે, ત્યાં જ લક્ષ્મીનો વાસ છે. સદા પ્રેમ વહેંચતા રહો. નાના-મોટાની કદર કરો, જે મોટા (વડીલ) છે એ મોટા જ રહેવાના, પછી ભલે ને તમારી કમાણી એમની કમાણીથી વધારે હોય...

માત્ર ચાર દિવાલની વચ્ચે ઘેરાયેલું મકાન કે ફ્લૅટ એ ઘર નથી. ઘર તો એક મંદિર છે. જયાં પવિત્રતાનું ઝરણું વહેતું હોય. ઘરમંદિરના પાયામાં ઘરના સદસ્યો વચ્ચેનો આપસી સંબંધ જ પરિવારની આકૃતિ સર્જે છે. ધરતીનો છેડો ઘર... ઘરમાં પગ મૂકતા જ શાંતિ... શિતળતા... ને આહ્લાદનો અનુભવ થાય. આજે ઘણા આધુનિક ઘરોમાં બધું જ હોય છે - સિવાય કે કુટુંબજીવન. ઘરમાં ટી.વી. અર્થાત્ 'દૂરદર્શન' હોય પ... ણ... કટુંબ જીવનમાં 'દર્શન'નો જ અભાવ હોય, પેલા પક્ષીઓ પણ ઉમળકાભેર દોડી દોડીને એક એક તણખલું ચાંચમાં દબાવીને રૂડો રૂપાળો 'માળો' તૈયાર કરે છે... મસ્તીથી જીવે છે... 'રોજ સવારે વહેલા ઊઠી ગાતાં મીઠાં ગીત.' જયારે આપણે ફ્રીઝના ટાઢાં હીમ પાણી પી પીને જાણે ઠરી ગયા છીએ... ભૌતિકતાથી હકડેઠઠ ભર્યા ભર્યા છતાં બીજા માટે લગીરેક હૂંફ કે ઉમળકો જ દેખાયો નથી... ઘર... બંગલો એ બતાવા માટે નથી 'જીવવા' માટે છે... આપણી સાહ્યબી બીજાના કામમાં પણ આવે એનું મૂલ્ય મોરું હોય... સમાજ જીવનમાં મૂલ્યોનું ધરું વાડિયું એટલે ઘર... પરિવાર... આવાં ઘરમંદિર જસ ધરતી પરનાં સ્વર્ગ ગણાય.

**સ્પર્શમણિ**

આજે મોટાભાગના લોકો જેને સુખ માને છે તે ખરેખર તો બીજું કાંઈ નહિ, માત્ર તેમની ઈચ્છાઓની પૂર્તિ જ હોય છે.

●●●

આપણું હૃદય પ્રેમથી ભરેલું હોય ત્યારે સકળ સૃષ્ટિ સુંદરતાથી છવાઈ જાય છે.

●●●

કોઈને પણ શત્રુ બનાવ્યા વગર ખરું કહેવું તે કુનેહ.

●●●

ખરાબ લોકો શત્રુતાને નહિ, ઉપેક્ષાને પાત્ર છે.

- rasikvaland1965@gmail.com